# રાજ્યના ૩૩ બોર્ડ-નિગમ કર્મીઓને સાતમું પગાર પંચ

ગાંધીનગર, તા.૨૪

રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અધિકારી કર્મચારીઓને સાતમાં પગાર પંચના લાભો આપવાનો નિર્ણય કર્યો છે. જેનો સમગ્ર દેશમાં ગુજરાતે પહેલ કરીને રાજયના સરકારના અધિકારી કર્મચારીઓને આ લાભો આપ્યા છે. ત્યારે રાજય સરકાર હસ્તકના ૩૩ બોર્ડ-નિગમો કે જેને રાજય સરકાર દ્વારા કોઈ અનુદાન આપવામાં આવતું નથી તેવા પોતાના સ્વ ભંડોળ વ્યવસાયિક આવકમાંથી ચાલતા નિગમોના ૯૨,૦૯૨ અધિકારી કર્મચારીઓને પણ આ લાભ આપવામાં આવશે જેનાથી બોર્ડ નિગમો ઉપર ૩૭૭ કરોડનો વધારાનો બોજ પડશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્મચારીઓના હિત માટે અનેક નિર્ણયો કર્યા છે, ત્યારે બોર્ડ ભથ્થાના ખર્ચ માટે રાજય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવતુ નથી, તેવા કુલ ૩૩ બોર્ડ નિગમના કુલ ૯૨૦૯૨૫ કર્મચારી અધિકારીઓને સાતમા પગારપંચના લાભો મંજુર

## ગુજરાત સરકારનો કર્મચારીલક્ષી મહત્વનો નિર્ણય : બોર્ડ અને નિગમના ૯૨૦૯૨ કર્મચારીઓને લાભ મળશે ૩૭૭ કરોડનો વધારાનો બોજ પડશે : કર્મચારીને રાહત

નિગમના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા પણ રજુઆતો કરાતા ગુજરાત સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે. જે અનુસાર, જે બોર્ડ નિગમના કર્મચારી અધિકારીઓના પગાર કરવામાં આવશે. જેના કારણે અંદાજે કુલ ૩૭૭.૭૭ કરોડનું વધારાનું ભારણ પડશે.

તેમણે ઉમેર્યું હતું કે, જે બોર્ડ નિગમ, પોતાના સ્વ.ભંડોળા ઉપર આધારિત છે, અને રાજય સરકાર દ્વારા તેને પગાર ભથ્થાના ખર્ચ માટે કોઈ અનુદાન આપવામાં આવતુ નથી, તેવા કુલ-૩૩ બોર્ડ નિગમના અધિકારીઓને કર્મચારીઓનું સાતમુ પગાર પંચ મંજુર કરવાનો સૌધાતિક નિર્ણય રાજય સરકારે કર્યો છે. પરંતુ, આ કુલ ૩૩ બોર્ડ નિગમ પૈકી, જે બોર્ડ નિગમના કર્મચારીઓને, કર્મચારી મંડળો સાથે થયેલ સમાધાનની શરતો, જોગવાઈઓ અનુસાર અને સમાધાનનો સમયગાળો પૂર્ણ થયા બાદ, સાતમા પગાર પંચ અન્વયે પગાર સુધારણા મંજુર કરવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત વિદ્યુત બોર્ડના ૮૪,૯૬૭ કર્મચારીઓને કામદાર યુનિયન સાથે અલગ પ્રકારની એવોર્ડ દ્વારા પગાર ધોરણો નક્કી કરાતા હોઈ, તેમનુ સેટલમેન્ટ થયું હોય તેવા કર્મચારીઓને સેટલમેન્ટની શરતોની જોગવાઈ અનુસાર તથા સમાધાનનો સમયગાળો પૂર્ણ થયા બાદ પગાર સુધારો મંજુર કરવાનો રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.



મુખ્યમંત્રી વિજય રૂપાણીની સૌજન્ય મુલાકાત આફ્રિકન ડેવલપમેન્ટ બેન્ક ગૃપની ૫૨મી વાર્ષિક બેઠકમાં ભાગ લેવા આવેલા વિવિધ રાષ્ટ્રોના મંત્રીઓ ડેલિગેશન્સ મહાત્મા મંદિર ખાતે લઈ રહ્યા છે. આ મુલાકાત બેઠક શૃંખલામાં બુધવારે આફ્રિકન યુનિયન કમિશનના ઈકોનોમિક અફેર્સના કમિશનર એન્થોની મોથેઈ મરૂપિંગે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી. આફ્રિકન યુનિયન વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે અને ૫૫ જેટલા સભ્ય દેશો ધરાવતા આ યુનિયનના સંચાલનમાં કમિશનની ભૂમિકા મહત્વની છે.

# શહેર-જિલ્લાની ૧૩ શાળાઓએ ફી ઘટાડી

## રૂ. ૧૨ હજારથી ૧૩ હજાર સુધીનો ઘટાડો કર્યો : ગાંધીનગર શહેરની શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સહિત ૭ શાળાઓએ તાલુકામાં ફી ઘટાડી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે સ્કૂલ ફી અધિનિયમન અન્વયે ૧૩ જેટલી શાળાઓએ તેમની ફીમાં ઘટાડાની રૂ. ૧ હજારથી લઈ ૧૩ હજાર સુધીના ઘટાડાની જાહેરાત કરી છે.

અગાઉ જિલ્લાની નવ શાળાઓએ તેમની ફીમાં ઘટાડાની જાહેરાત કરી હતી. આમ જિલ્લામાં કુલ ૨૨ શાળાઓએ ફી ઘટાડાની જાહેરાત કરી છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૧ શાળાઓએ તેમની ફી યોગ્ય હોવાનું જણાવી ફી નિર્ધારણ સમિતિને તે અંગેની દરખાસ્ત કરી છે.

છેલ્લા એક સપ્તાહથી તંત્ર દ્વારા ફી ઘટાડા અંગે શાળા સંચાલકો સાથે કાઉન્સીલીંગ કરી અને કવાયત હાથ ધરી હતી. જિલ્લામાં ૧૨૫ જેટલી નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ હાલ કાર્યરત છે. શિક્ષણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ પૈકી ૫૫ જેટલી શાળાઓમાં ૧૫, ૨૫ અને ૨૭ હજાર કરતાં વધુ ફી વસુલવામાં આવતી હતી. તંત્રના પ્રયાસોને પગલે ૨૨ જેટલી શાળાઓએ ફી ઘટાડવાની જાહેરાત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

### કઈ-કઈ શાળાઓએ ફી ઘટાડી

- જોયફૂલ ઈન્ટરનેશનલ સ્કૂલ કલોલ (ગુજરાતી)
- શ્રીવેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સે. ૨૫ (અંગ્રેજી)
- શ્રીવેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સે. ૨૫, (અંગ્રેજી)
- શ્રીવેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સે. ૨૫(ગુજરાતી)
- શ્રીવેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સે. ૨૫, (અંગ્રેજી)
- બ્લીસ ઈન્ટરનેશનલ સ્કૂલ, માણસા
- વેદાંગ પબ્લિક સ્કૂલ ઝુંડાલ (અંગ્રેજી)
- વેદાંગ પબ્લિક સ્કૂલ ઝુંડાલ (અંગ્રેજી)
- વેદાંગ પબ્લિક સ્કૂલ ઝુંડાલ (અંગ્રેજી)
- રેવાબા વિદ્યામંદિર પાલૈયા, દહેગામ
- રેવાબા વિદ્યામંદિર પાલૈયા, દહેગામ
- રેવાબા વિદ્યામંદિર પાલૈયા, દહેગામ
- રેવાબા વિદ્યામંદિર પાલૈયા, દહેગામ




**બેસણું (પઘડી)**

અમારા પૂજ્ય મોટાભાઈ **કુદરાજ હસામતરાય ચોઈથાણી** (ઉ.વ.૬૨)નું તા. ૨૩/૫/૨૦૧૭ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું (પઘડી) તા. ૨૫/૫/૨૦૧૭ને ગુરૂવારે સાંજે ૫ થી ૭** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઝુલેલાલ મંદિર, સેક્ટર-૩૦, ગાંધીનગર**

**ફર્મ :** **લી.**

**મહેશ પ્રો. સ્ટોર્સ, સેક્ટર-૩૦** **મહેશ એચ. ચોઈથાણી**

**કમલ એજન્સી એન્ડ** **નંદકિશોર એચ. ચોઈથાણી**

**નોવેલ્ટી, સેક્ટર-૭** **કમલેશ એચ. ચોઈથાણી**


## ૯ પ્રા. શાળાઓએ તેમની ફીમાં ઘટાડો કર્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૯ પ્રા. શાળાઓએ તેમની ફીમાં ઘટાડાની જાહેરાત કરી છે તેમ જિલ્લા શિક્ષણ સમિતિના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં ૫૩ જેટલી પ્રા. શાળાઓ સરકારે નિયત કરેલ ફીના ધોરણ કરતાં વધુ ફી લેતી જણાઈ હતી. જિલ્લામાં ૨૯૦ જેટલી પ્રા. શાળાઓ ખાનગી સંચાલકો દ્વારા ચલાવવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે નવ જેટલી પ્રા. શાળાઓએ તેમની ફી વ્યાજબી હોવાનું જણાવી અને ફી નિર્ધારણ સમિતિ સમક્ષ દરખાસ્ત કરી ફી ઘટાડાનો અસ્વીકાર કર્યો છે. હવે ફી નિર્ધારણ સમિતિ દ્વારા આ શાળાઓનું હીયરીંગ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જે શાળાઓએ ફી ઘટાડો કરવાની જાહેરાત કરી છે તે ગાંધીનગર તાલુકાની છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ભાજપના સંગઠનને અસરકારક બનાવવા પ્રદેશ પદાધિકારીઓની કવાયત

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત પ્રદેશ ભાજપ એકમ દ્વારા ગાંધીનગર જિલ્લા ભાજપના ચુનંદા કાર્યકરોની એક મહત્વની બેઠક આગામી દિવસોમાં યોજવામાં આવે તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠક આવે છે જે પૈકી બે બેઠકો ભાજપ પાસે છે. આગામી ચૂંટણીમાં પાંચેય બેઠક પર ભગવો લહેરાવવાની વ્યુહરચનાના ભાગરૂપે આ બેઠક યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ભાજપનું સંગઠ્ઠન નબળુ પડી રહ્યુ હોવાના અહેવાલો પછી પ્રદેશ નેતાગીરી હરકતમાં આવી છે. જિલ્લાની કારોબારીની બેઠક હોય કે વિસ્તારક યોજના અને બુથવાસીની બેઠકમાં સંગઠ્ઠનના ચુનંદા કાર્યકરોની ઉદાસીનતાને લઈ પ્રદેશ નેતાગીરી અત્યંત ચિંતીત બની છે. જિલ્લા સંગઠ્ઠનની મહત્વની બેઠકોમાં પ્રદેશ નેતાઓએ અચાનક હાજરી આપી જાત માહિતી મેળવ્યા બાદ હવે વિધાનસભાની ચૂંટણીની વ્યુહરચના પ્રદેશ કક્ષાએથી જ મોનીટરીંગ કરાશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પણ પક્ષને કારમો પરાજયનો સામનો કરવો પડ્યો હતો અને કાર્યકર્તા ઉદાસીન બન્યો છે ત્યારે પ્રદેશ નેતાગીરીએ હવે પક્ષના સંગઠ્ઠનના ચુનંદા આગેવાનો સાથે ખાસ બેઠક યોજવાની દિશામાં સક્રિયતાથી વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.


**An opportunity to see the Space Station passing through the Gujarat Sky on 25 May 2017**

| Date | From | To | Direction |
|---|---|---|---|
| 25 May 2017, Thursday | 7.47 pm | 7.53 pm | South-West to North-East |

- The International Space Station, popularly known as Space Station, is the largest spacecraft ever built, and its assembly has been ongoing since 1998.
- Space Station can be seen in naked eye as a bright dot moving in the sky during the above time.
- Special arrangement has been made in Science City at Amphitheater with LED Screen presentation for students and visitors from 6.00 pm onwards.
- For detail information about Space Station, please see the Mission to MIR film on IMAX Theater in Science City.

Gujarat Council of Science City
Dept of Science & Technology
Government of Gujarat
www.scity.gujarat.gov.in

Science City : Connecting Science to Community



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**જાહેર નિમંત્રણ**

**માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્દહસ્તે**

**ધરોઇ ડેમ આધારિત ₹૯૬.૧૨ કરોડની ઇડર, વડાલી અને ખેડબ્રહ્મા શહેરની પાણી પુરવઠા યોજનાની લોકાર્પણવિધિ**

તેમજ

૧.ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઇડર દ્વારા ₹૭ કરોડના ખર્ચે નવનિર્મિત કોટનયાર્ડની લોકાર્પણવિધિ

૨.ખેત પેદાશોના સંગ્રહ માટે ₹૭.૮૮ કરોડના ખર્ચે નવનિર્મિત ૧૦ ગોડાઉનોની લોકાર્પણવિધિ


૩.ઇડર તાલુકાના ૪ ગામોમાં ₹૨.૨૫ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરની લોકાર્પણવિધિ

૪.ઇડર તાલુકાના મુડેટી ગામે ₹૮૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ એસ.આર.પી.કેમ્પની લોકાર્પણવિધિ

**તારીખ અને સમય :**
તા.૨૫-૦૫-૨૦૧૭, સવારે ૦૯.૦૦ કલાકે

**સમારંભ સ્થળ :**
સરપ્રતાપ હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, ઇડર, જિલ્લો સાબરકાંઠા

ધરોઇ ડેમ આધારિત ઇડર, વડાલી અને ખેડબ્રહ્મા શહેરની પાણી પુરવઠા યોજના




**યોજનાની મુખ્ય વિગતો**

- સાબરકાંઠા જિલ્લાના ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા શહેરોની પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ રૂપે ધરોઈ ડેમ આધારિત યોજનાનું અમલીકરણ.
- ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા શહેરોની ભવિષ્યની ૨,૨૩,૦૦૦ વસ્તી માટે દૈનિક ૧૪૦ લિટર પ્રતિ વ્યક્તિ, પ્રતિ દિન મુજબ અંદાજે ૪ કરોડ લિટર શુદ્ધ અને પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી.

**યોજનાના ઘટકો :**

- ધરોઈ ડેમમાં ઈન્ટેકવેલ/ ફ્લોટિંગ પ્લેટફોર્મ
- ધરોઈ થી નવાનગર સુધી ૨૧.૫ કિ.મી. પાઈપલાઈન, ૫૦ લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સમ્પ, પમ્પ હાઉસ અને પમ્પીંગ મશીનરી
- નવાનગરથી ઈડર, નવાનગરથી વડાલી અને નવાનગરથી ખેડબ્રહ્મા શહેર સુધીની કુલ ૨૪ કિ.મી. જેટલી પાઈપલાઈન

પાણી પુરવઠા વિભાગ,
ગુજરાત સરકાર

WASMO GWIL


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com